# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/3/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 3376.2 તારીખ : 9-5-19

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
સોજીત્રા દીપકભાઈ જગાભાઈ
પ્લોટ નં-૧૨, શેડ નં-૧, રામેશ્વર ઇન્ડ. એરિયા, પરીન ફર્નીચર ની પાછળ, વાવડી - રાજકોટ.
તા. : RAJKOT, જી. : રાજકોટ.
મોબાઈલ : ૯૯૦૪૦ ૮૭૨૪૯

વિષય : ઔદ્યોગિક વીજ જોડાણ માં વીલંબ બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૬-૦૩-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : 3/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રીની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપશ્રીને મોકલવામાં આવે છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. મજેઠા )
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાવડી રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/3/ફવા-૧/૨૦૧૯-૨૦/ 3376-2 તા. 9-5-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- 3/ફવા-૧/૨૦૧૯-૨૦

અરજદાર: સોજીત્રા દીપકભાઈ જાગાભાઈ ગામ : રાજકોટ

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ – રાજકોટ શહેર-3

## :: ફોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી
૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., ગ્રામ્ય વર્તુળ કચેરી – રાજકોટ
તારીખ: 08-May-19

૧.૦ સદર કેસની સુનાવણી તા. 08-May-19ના રોજ રાખવામાં આવેલ ત્યારે સદર કેસની સુનાવણી કરવામાં આવેલ.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારની અરજી ના નોંધણી નંબર :3/ફવા-૧/૨૦૧૯-૨૦ મા જણાવે છે કે, અરજદારે ૦૫ કીવો ના ઓદ્યોગીક વીજજોડાણ નં.: ૩૪૫૧૪/૦૩૦૮૧/૩ માં નામ બદલી કરવા માટે તા.૧૪-૦૨-૧૯ ના રોજ અરજી કરેલ. જે અનુસંધાને વાવડી પેટા વિભાગીય કચેરી મા નામ બદલી બાબતે તપાસ કરતા યોગ્ય જવાબ આપવામા આવતો નથી. તેમજ, કચેરી દ્વારા જણાવાયેલ છે કે સ્ટાફ પૂરતો નથી, તેમજ અન્ય જુદા જુદા કારણો બતાવી અને નામ બદલી માટે રજીસ્ટ્રેશન ની કાર્યવાહી થતી નથી, આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અત્રેની કચેરી નીચે આવતા વાવડી અર્બન સબડીવીઝનના અરજદાર સોજીત્રા દીપકભાઈ જાગાભાઈ દ્વારા તેમના ઔધોગીક વીજ જોડાણ મા નામ બદલી માં વિલંબ થવા બાબતે આપની સમક્ષ ફરિયાદ કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

૩.૧ અરજદાર શ્રી દ્વારા તા.૧૪.૦૨.૧૯ ના રોજ તેઓ દ્વારા ખરીદેલ શેડ નં-૧, પ્લોટ નં-૧૨, રામેશ્વર ઇન્ડ. એરિયા, વાવડી ખાતે આવેલ ગ્રાહક નં.૩૪૫૧૪/૦૩૦૮૧/૩ માં જુના ગ્રાહક રક્ષાબેન માધાણી પરથી અરજદાર દીપકભાઈ જાગાભાઈ સોજીત્રા નામ બદલી થવા માટે વાવડી અર્બન સબડીવીઝન માં A1 ફોર્મ સાથે દસ્તાવેજી પુરવા રજુ કરેલ.

૩.૨ વાવડી અર્બન સબડીવીઝન દ્વારા અરજી ની કાર્યવાહી હાથ ધરતા A1 ફોર્મ માં જુના ગ્રાહક ની સહી અને સંમતી મેળવેલ ન હતી તથા બીલ ની રકમ પણ બાકી હોય સબડીવીઝન દ્વારા આગળ ની કાર્યવાહી થઇ શકેલ ન હતી.

3.3 જે બાબતે ગ્રાહક શ્રી ને જાણ કરતા તા.૧૨.૦૪.૧૯ ના રોજ જુના ગ્રાહક ની સહી અને સંમતી મેળવી બીલ ની બાકી રકમ તેઓ દ્વારા ભરપાઈ કરેલ.

3.૪ અરજી માં રહેલ ક્ષતિ તેમજ બાકી રકમ ને કારણે SR નું રજીસ્ટ્રેશન સમયસર થયેલ ન હોય જે ક્ષતિ દુર થતા વાવડી અર્બન સબડીવીઝન દ્વારા નામ બદલી ની કાર્યવાહી હાથ ધરેલ છે. આમ. અરજદાર ની ફરિયાદ નું નિરાકરણ પીજીવીસીએલ કક્ષાએથી થતા, અરજદાર ની લેખીત સમંતિ તા.૧૨-૦૪-૧૯ થી સમાધાન પુરશીશ રજુ કરેલ છે .

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦ થી ૩.૪ માં જણાવ્યા મુજબ- અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થતા અરજદાર ને સદર બાબતે કોઈ ફરિયાદ ન રહેતા, સમાધાનપત્ર(પુરશીશ) તા. ૧૨-૦૪-૧૯ થી રજુ કરાયેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા. ચેરપર્સન |